# "કેમેરા સામેનો યશ વધુ જીવંત છે!" યશ સોની

# મારી જાતને નોન-ગુજરાતી માનતો નથી: અભિષેક જૈન

**ફિલ્મમાં નેગેટિવ પાત્ર હું પહેલી વાર કરી રહ્યો છું, પણ ઑડિયન્સ એટલી ઇન્વોલ થઇ ચૂકી છે કે મારાથી વધારે કન્ટેન્ટ જોવે છે, ઉપરાંત બીજી ભાષાનું કન્ટેન્ટ જોવે છે અને મજા પણ કરે છે, મને નથી લાગતું કે તેના પર કોઇ એવો પ્રભાવ પડશે કે તે લોકોને હું ના ગમું!**



શો-બાજ

**'મારણ' ફિલ્મમાં તમારું પાત્ર અલગ છે કેમ એવું?**

'મારણ'માં મારું પાત્રનું નામ 'રતન' ફિલ્મની દૃષ્ટિએ જોઇએ તો તે નેગેટિવ પાત્ર છે, એ ખરાબ કામો કરે છે. દિક્ષા જોશી બિરવા તરીકે જોવા મળે છે. ફિલ્મમાં 3 પાસાઓની વાત કરવામાં આવી છે 'શિકાર, એક શિકારી અને સમાજ. એમાં જે શિકારી છે તે મેન પાત્ર છે.

**નેગેટિવ રોલ છે તો શું તમારા ફેન બેસ છે તેના પર ઇફેક્ટ પડશે?**

મારી જે ઓડિયન્સ છે તે હંમેશાથી મને અલગ પાત્રોમાં જોવા ટેવાયેલી છે અને કદાચ એટલા માટે જ ઓડિયન્સ પણ ઉત્સુક હોય છે. ફિલ્મમાં નેગેટિવ પાત્ર હું પહેલી વાર કરી રહ્યો છું, પણ ઓડિયન્સ એટલી ઇન્વોલ થઇ ચૂકી છે કે મારાથી વધારે કન્ટેન્ટ જોવે છે, ઉપરાંત બીજી ભાષાનું કન્ટેન્ટ જોવે છે અને મજા પણ કરે છે, મને નથી લાગતું કે તેના પર કોઇ એવો પ્રભાવ પડશે કે તે લોકોને હું ના ગમું! ફિલ્મ રીલીઝ થઇ ત્યારથી ઓડિયન્સના સારા જ રિસ્પોન્સ આવ્યા છે.

**ગુજરાતી સિનેમા જે રીતે આગળ વધી રહ્યું છે તો તમે તેને કયા લેવલ પર જુવો છો?**

ગુજરાતી સિનેમા ઓલરેડી આમ જોવા જઇએ તો 12 થી 14 વર્ષમાં એટલા બધા જોનર પ્રયોગ થયા છે કે 'મારણ', 'વશ' કે લાલો જેવી ફિલ્મ 100 થી 125 કરોડનો બિઝનેસ કરે અને આ બધું જે આટલા ઓછા સમયમાં થયું છે તો હવે ઘણા શિખરો સર કરશે ગુજરાતી સિનેમા!

**એક્ટર તરીકે એવો કયો એવો રોલ છે જે હજુ મળ્યો નથી?**

ઘણા બધા એવા પાત્રો છે, સામાન્ય રીતે આ વાત હું કરતો નથી, પણ 'મારણ'માં રતન પણ એક એવું પાત્ર છે જેની હું શોધમાં હતો. રતન પોતાની દૃષ્ટિએ તેની એક્શન સાચી જ છે, એટ ધ ટાઇમ ફિલ્મમાં નેગેટિવ પાત્રોની ઇમ્પેક્ટ હોય તેવું જ પાત્ર હું શોધતો હતો અને મારણ ફિલ્મે મને એ પાત્ર આપ્યું છે.

**કેમેરા પાછળનો યશ અને કેમેરા સામેનો યશ શું ફરક છે?**

મારી આજુ બાજુ કયા લોકો છે તેના પર આધાર! મારા કમ્ફર્ટ ઝોનમાં લોકો હોય તો હું એક્સ્ટ્રીમલી ટોકેટિવ, મજા કરનારો વ્યક્તિ છું અને નવા વાતાવરણમાં છું તો ત્યાં જરાક બેકસિટ છું. કેમેરા સામેનો યશ કેમેરાની પાછળના યશ કરતા વધારે જીવંત છે.

**બોલિવૂડ કે કિંગ ઓફ ગુજરાતી એક્ટર શું પસંદ કરશો?**

હું જે ભાષામાં કામ કરું છું તે માતૃભાષા છે અને તે વાતનો પણ ગર્વ છે કે જે સમયે, જે જગ્યાએ છું તે હું પોતાની જાતને ખૂબ લકી માનું છું કે અત્યારે જે કામ કરી રહ્યો છું તે ગુજરાતી સિનેમાનો સુવર્ણ કાળ છે, પણ એક્ટર તરીકે જો ચોક્કસ રોલ કરીશ, બની શકે કે મારું પાત્ર હિન્દી ભાષી હોય તમિલ ભાષી પણ હોય શકે! મને ભારતની કોઇ પણ ભાષામાં કામ કરવું ગમશે! •

**ખૂબ રાજીપો છે કેમ કે જ્યારે 2012 માં જર્ની શરૂ કરી અને 'કઇ રીતે જઇશ' ફિલ્મ બનાવી હતી ત્યારે કદાચ ઑડિયન્સ એટલી તૈયાર નહોતી ખાસ કરીને મલ્ટીપ્લેક્સ, પણ હવે જ્યારે ગુજરાતી સિનેમાની વાત કરીએ ત્યારે ઑડિયન્સની બિયોન્ડ અમે આવી ગયા છીએ**

**તમારો અને યશનો બોન્ડિંગ કેવો છે?**

હું જેટલો ડિસિપ્લિનમાં રહું છું યશ પણ એટલો જ ડિસિપ્લિનમાં રહે છે એટલે અમારો બોન્ડિંગ ખૂબ સારો છે. જ્યારે યશ મસ્તી કરે છે ત્યારે હું પણ મસ્તી કરું છું. અમારો બોન્ડિંગ છોટે મિયાં-બડે મિયાં જેવો છે.

**નોન ગુજરાતી હોવા છતા આટલી ટિપીકલ ગુજરાતી ફેમેલી ડિટેલિંગ આપો છો તે કેવી રીતે? અને તેની પ્રોસેસ કઇ છે?**

હું નોન ગુજરાતી મારી જાતને માનતો નથી કેમ કે મારો જન્મ અમદાવાદમાં થયો છે. એક વાત કહું તો હું ગુજરાતી લોકોને અને ગુજરાતી સંસ્કૃતિને જોવાનો મોકો મળ્યો તેમને જોતા જોતા જ ફિલ્મોમાં પિક ડિટેલિંગ આવી જાય છે.

**તમારી અપકમિંગ પ્રોજેક્ટનો કોન્સેપ્ટ કયો છે?**

મારણ બાદ જે મારી નેક્સ મૂવી આવશે તેનું નામ છે 'મંચ' એ પણ એક સોશિયલ સટાયર છે. તેના વિશે વધુ વાત બીજી વખત જલદી તમને મળીશું.

**ગુજરાતી સિનેમા અત્યારે પીક પર છે તેના વિશે તમે શું કહેશો?**

ખૂબ રાજીપો છે કેમ કે જ્યારે 2012 માં જર્ની શરૂ કરી અને 'કઇ રીતે જઇશ' ફિલ્મ બનાવી હતી ત્યારે કદાચ ઓડિયન્સ એટલી તૈયાર નહોતી ખાસ કરીને મલ્ટીપ્લેસો, પણ હવે જ્યારે ગુજરાતી સિનેમાની વાત કરીએ ત્યારે ઓડિયન્સની બિયોન્ડ અમે આવી ગયા છીએ. ફિલ્મો નેશનલ એવોર્ડ જીતે છે, ફિલ્મોને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રતિસાદ મળે છે. એ વાતનો રાજીપો છે કે ઓડિયન્સ ડગલેને પગલે ગુજરાતી ફિલ્મોને સપોર્ટ કરી રહી છે!

**તમારી બે ફિલ્મ વચ્ચે બહુ મોટો ગેપ હતો તેનું કારણ?**

મને જ્યારે ફિલ્મની સ્ટોરી ગમે અને અર્જ ઊભી થાય પછી ફિલ્મ બનાવુ છું, પણ હવે એવું નહીં થાય! •

# Sonakshi Sinha

RAPID FIRE

## કરિયરનો ગેમચેન્જર પ્રોજેક્ટ?



**બોલિવૂડમાં બેસ્ટ ફ્રેન્ડ કોણ?**
ઝહીર.
**ઓડિશન આજે આપવું પડે તો?**
ફરી તૈયાર છું.
**કરિયરનું સૌથી બોલ્ડ ડિસિઝન કયું?**
કમ્ફર્ટ ઝોન છોડવો.
**યાદગાર ફિલ્મ પ્રમોશન કયું?**
દબંગ.
**ડિરેક્ટર કે કો-સ્ટાર કોનું પ્રેશર?**
ડિરેક્ટરનું.
**એક ટેકમાં સીન થઈ જાય?**
મોટી ખુશી.
**સ્ક્રિપ્ટ ન ગમે તો શું?**
સીધી ના.
**કયા હીરો સાથે ડાન્સ બાકી?**
ઘણા હજુ બાકી.
**નેગેટિવ રોલનો ડર લાગે?**
જરાય નહીં.
**ઝહીરને બ્લોક કરો ક્યારેય?**
એની જરૂર નહીં.
**લોંગ ડ્રાઇવ કે મૂવી ડેટ?**
લોંગ ડ્રાઇવ.
**લાઇફની બેસ્ટ મોમેન્ટ?**
મેરેજ થયા તે.
**પપ્પાની વન લાઇન?**
મહેનત કર.
**કરિયરની ગેમચેન્જર પ્રોજેક્ટ?**
'હીરામંડી'!
**એક્ટિંગ કે ફેશન?**
એક્ટિંગ.
**ડિરેક્ટરનો સૌથી મુશ્કેલ ટાસ્ક?**
એક્સપ્રેશન પરફેક્ટ કરવું.
**લાંબો શૂટિંગ દિવસ કયો?**
18 કલાક!
**હિટની ગેરંટી કોની પાસે?**
ઓડિયન્સ.
**લગ્ન પછી કામ મુશ્કેલ બન્યું?**
ના, વધુ સરળ.
**સોશિયલ મીડિયા કેટલું સાચું?**
અડધું જ.
**સવારે પહેલું શું ચેક કરો?**
મેસેજ.
**મેકઅપ વગર ફોટો પોસ્ટ કરશો?**
હા, કેમ નહીં. •

### દુબઇ પોલીસે આપી ક્લીન ચિટ

# બોની કપૂરનો થયો હતો લાઈ-ડિટેક્ટર ટેસ્ટ?



ભારતીય સિનેમાની પ્રથમ મહિલા સુપરસ્ટાર ગણાતી અભિનેત્રી શ્રીદેવીના અકાળ અવસાને સમગ્ર દેશ અને સિનેમા જગતને સ્તબ્ધ કરી દીધું હતું. 24 ફેબ્રુઆરી, 2018ના રોજ માત્ર 54 વર્ષની વયે દુબઈની લક્ઝરી હોટેલ 'જુમેરાહ એમિરેટ્સ ટાવર્સ'માં તેમનું રહસ્યમય સંજોગોમાં નિધન થયું હતું.

રૂમના બાથટબમાં બેશુદ્ધ હાલતમાં મળી આવ્યા બાદ તેમને હોસ્પિટલ લઈ જવાયા હતા, જ્યાં તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. તેમની જન્મજયંતી હોય કે પુણ્યતિથિ, ચાહકો આજે પણ આ મહાન અદાકારા અને તેમના અચાનક નિધન સાથે

આ ઘટના બાદ દુબઈ પ્રશાસને તાત્કાલિક ધોરણે કડક ફોરેન્સિક અને ગુનાહિત તપાસ હાથ ધરી હતી. ભારતીય ફિલ્મ ઉદ્યોગના જાણીતા નિર્માતા અને શ્રીદેવીના પતિ બોની કપૂર પણ આ તપાસના દાયરામાં આવ્યા હતા. વિદેશી ધરતી પર બનેલી આ હાઈ-પ્રોફાઈલ ઘટના હોવાથી દુબઈ પોલીસે અત્યંત ગંભીરતાથી પ્રક્રિયા આગળ વધારી હતી.

બોની કપૂરે વર્ષો પછી ખુલાસો કર્યો હતો કે દુબઈ પોલીસે તેમની 24 થી 48 કલાક સુધી સતત અને સઘન પૂછપરછ કરી હતી. તપાસ અધિકારીઓએ ઘટનાની દરેક કડી તપાસવા માટે બોનીનો લાઈ-ડિટેક્ટર ટેસ્ટ પણ લીધો હતો. આ ટેસ્ટ અને ડિજિટલ પૂછપરછનો હેતુ એ સુનિશ્ચિત કરવાનો હતો કે આ ઘટના પાછળ કોઈ ગુનાહિત ષડયંત્ર કે ગેરરીતિ તો નથી.

વર્ષ 2023માં 'ધ ન્યૂ ઈન્ડિયન' સાથેની મુલાકાતમાં બોનીએ તે મુશ્કેલ સમયની વિગતો શેર કરી હતી. તેમણે સ્પષ્ટતા કરી હતી કે, 'શ્રીદેવીનું મૃત્યુ કુદરતી નહોતું, પરંતુ એક દુર્ભાગ્યપૂર્ણ અકસ્માત હતો.' તેમણે જણાવ્યું કે ભારતીય મીડિયામાં ચાલી રહેલી વિવિધ અટકળો અને ભારે દબાણને કારણે દુબઈના અધિકારીઓએ નિયમોનું પાલન કરીને દરેક સ્તરની કડક તપાસ કરવી પડી હતી.

એક્ટર્સ લાઈફ

પોલીસ અને ફોરેન્સિક ટીમે હોટેલ રૂમ, બાથટબ અને આસપાસના તમામ પુરાવાઓનું બારીકાઈથી વિશ્લેષણ કર્યું હતું. લાઈ-ડિટેક્ટર ટેસ્ટ અને લાંબી પૂછપરછ પછી અધિકારીઓને કોઈ પણ પ્રકારની ગેરરીતિ, ફાઉલ પ્લે કે શંકાસ્પદ બાબત જોવા મળી નહોતી. સંપૂર્ણ તપાસના અંતે દુબઈ પોલીસે સત્તાવાર રીતે બોનીને ક્લીન ચિટ આપી હતી અને મૃતદેહ પરિવારને સોંપવાની મંજૂરી આપી હતી.

દુબઈના આરોગ્ય વિભાગ અને ફોરેન્સિક ટીમના અંતિમ તબીબી અહેવાલમાં સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે શ્રીદેવી અચાનક બેભાન થઈ ગઈ હતી અને ત્યારબાદ બાથટબના પાણીમાં અકસ્માતે ડૂબી જવાથી તેમનો શ્વાસ રુંધાઈ ગયો હતો, જેના કારણે તેમનું મૃત્યુ થયું. શ્રીદેવીના અચાનક વિદાયથી બોલિવૂડમાં જે શૂન્યાવકાશ સર્જાયો છે તે ક્યારેય પુરી શકાય તેમ નથી. ચાહકો, પરિવાર અને ફિલ્મ જગત માટે આ એક એવો આઘાત હતો જેણે સૌને હચમચાવી મૂક્યા હતા.

કલાકો સુધી ચાલેલી પોલીસ પૂછપરછ અને વૈજ્ઞાનિક તપાસ બાદ તમામ અફવાઓ અને શંકાઓનો અંત આવ્યો હતો, છતાં એક અદ્ભુત કલાકારને આ રીતે ગુમાવવાનું દુઃખ સિનેમા પ્રેમીઓના હૃદયમાં કાયમ માટે અંકિત રહી ગયું છે. •